**જામકંડોરણાના મહે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.જામકંડોરણા, જી. રાજકોટ.**

**ફોજદારી કેસ નં. ૧૦/૨૦૨૬**

**આંક : ૯**

ફરીયાદી :– શ્રી સરકાર

(જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૩૦૨૦૨૫૦૫૧૨)

**વિરૂઘ્ધ**

આરોપી :– ડાયાભાઈ નાનજીભાઈ મૂળીયા, ઉ.વ.આ. ૫૯,

રહે. ઈશ્વરીયા, તા. જામકંડોરણા, જી. રાજકોટ.

**ગુન્હો :– ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ.**

**–:: ચુકાદો ::–**

આ કામના આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ચાર્જશીટ રજુ થયા બાદ, પોલીસ પેપર્સનાં કાગળો ધ્યાને લેતાં, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૮૫(૧) મુજબનો ગુનો બનતો ન હોય, ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૮૫(૧) ના તહોમતમાંથી આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરેલ અને આરોપી સામે બાકીના ગુના સબબ ધોરણસરની કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરેલ. ત્યાર બાદ બાકીના ગુના સબબ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનાનો સ્વિકાર કરેલ છે. વિશેષમાં આરોપી તરફે રજુઆત છે કે, ગુના બાબતે અજાણ અને અજ્ઞાન હોય પ્રથમ વખત ગુનો બનેલ છે. તેમની પ્રથમવારની ભુલ છે. ભવિષ્યમાં ફરીથી આ પ્રકારનો ગુનો કરશે નહી. ગુના બદલ પ્રાયશ્ચિત કરે છે. ગરીબ ઈસમ છે અને કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી તેમના શિરે હોઈ, હવે પછી આવો કોઈ ગુનો નહિ કરે તેવુ જણાવી, દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં કોર્ટ દ્વારા આરોપીને સમજાવેલ છે કે, કબૂલાત કરવા તેઓ બંધાયેલ નથી અને ગુનો કબૂલ કરવામાં આવશે તો કાયદાની જોગવાઈ મુજબ મહતમ સજા થઈ શકે છે. આમ છતાં આરોપી તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબૂલ મંજુર રાખેલ છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેવામા આવે તો આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી સામે કોઈ ગુનાહિત ઈતિહાસ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. આરોપી ગુન્હા અંગે પસ્તાવો વ્યકત કરતા હોય, સુધરવાની તક માટે અરજ કરતા હોય,આરોપી પર તેના કુટુંબની જવાબદારી છે તેમ જણાવતા હોય, આ સંજોગોમાં આરોપીની ઉંમર, તેની ઉપર રહેલ આર્થિક તેમજ કૌટુંબિક જવાબદારી, આરોપી સામે કોઈ ગુનાહીત ઈતિહાસ રેકર્ડ પર આવેલ ન હોય તે હકીકત, ગુનાની ગંભીરતા વિગેરે તમામ પરીબળો સાથે સાથે નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરખચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર. પેઈજ નં .૭૦૯ વાળા કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, આરોપીને હળવી સજા કરી, સુધરવાની તક આપવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે, તેવુ આ કોર્ટનુ માનવુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**–:: હુકમ ::–**

૧) આ કામના આરોપીને **ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૬૬(૧)(બી)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા** ફરમાવવામાં આવે છે. આરોપી જો દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ ૧૪–૦૩–૨૦૨૬ ના રોજ યોજાયેલ નેશનલ લોક–અદાલતના દિવસે સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો**

Sd/-

તારીખ : ૧૪–૦૩–૨૦૨૬

સ્થળ : જામકંડોરણા.

**આકાશ પ્રમોદ વર્મા**

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

જામકંડોરણા.

જજ કોડ–૦૧૭૦૭